### સમગ્ર દેશમાં ફરી ગુજરાતનો વાગ્યો ડંકો

# ગુજરાત એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં નંબર વન બન્યું

## જેને અંગની જરૂર હોય એવા કિસ્સાઓમાં જે અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે તેવા સમયે એ ઓર્ગનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં ગ્રીન કોરિડોર તૈયાર કરાતો હોય છે

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવા દૈનિક આકસ્મિક ઘટનાઓમાં દર્દીઓને મદદ પુરી પાડી રહી છે ત્યારે આકસ્મિક ઘટના કે જેમાં દર્દીને ઈમરજન્સી સમયે એક જગ્યાથી દૂરની હોસ્પિટલમાં કે પછી અન્ય રાજયની હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર પડે એવામાં એર એમ્બ્યુલન્સની સેવા પૂરી પાડવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવા મામલે ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

એર એમ્બ્યુલન્સની સેવાની વાત કરીએ તો છેલ્લા એક વર્ષમાં ૨૪ દર્દીઓને મદદ પુરી પાડવામાં આવી છે. અંગદાનના કિસ્સાઓમાં બ્રેઈનડેડ દર્દીમાંથી અન્ય દર્દી કે જેને અંગની જરૂર હોય એવા કિસ્સાઓમાં જે અંગનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે તેવા સમયે એ ઓર્ગનને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં ગ્રીન કોરિડોર તૈયાર કરાતો હોય છે.

પરંતુ જ્યારે એવું બને કે કોઈ બ્રેઈનડેડ દર્દી ગુજરાતનો છે અને અંગની જરુરિયાત ધરાવતો દર્દી બેંગ્લોર, કોલકાતા, મુંબઈ, દિલ્હી કે ચેન્નેઈ જેવા અન્ય રાજ્યમાં છે. તેવા સમયે અંગ લઈ જવા માટે એર એમ્બ્યુલન્સ ખુબ ઉપયોગી નીવડે છે. કેટલાક કિસ્સાઓમાં આકસ્મિક ઘટના બને અને દર્દીને ગોલ્ડન અવરમાં જે ટ્રિટમેન્ટ મળવી જોઈએ તેના માટે પણ એર એમ્બ્યુલન્સ આશિર્વાદ સમાન બની જાય છે.



# અખાત્રીજના અવસરે ગૃહ રાજ્યમંત્રીએ જગન્નાથ મંદિર ખાતે રથપૂજન કર્યું

## ગૃહ રાજ્યમંત્રીએ ચંદનયાત્રા સાથે વિધિવત રીતે આગામી જુન માસમાં યોજનાર રથયાત્રા ઉજવણીની તૈયારીઓ શરૂ કરાવી



અમદાવાદ, તા.૨૨

અખાત્રીજના પવન અવસરે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી જગન્નાથ મંદિર ખાતે રથપૂજનમાં સહભાગી બન્યા હતા. તેમણે રથપૂજન કરીને ચંદનયાત્રા સાથે વિધિવત રીતે રથયાત્રા ઉજવણીની તૈયારીઓ શરૂ કરાવડાવી હતી. આ પ્રસંગે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોનું વિધિવત રીતે પૂજન કરવામાં આવ્યા બાદ ત્રણેય રથની આરતી ઉતારવામાં આવી હતી. આ સાથે આગામી જૂન માસમાં યોજાનાર ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથાયાત્રાની ઉજવણીની તૈયારીઓની શરૂઆત કરવામાં આવી હતી. આ રથ પૂજન પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ વર્ષે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા નવા રથોમાં બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળવાના છે. નગરજનોની આસ્થા, શ્રદ્ધા અને સંસ્કૃતિ અકબંધ રહે એ રીતે અદ્ભુત કલાકૃતિ સમાન નવા રથોની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. આજે વિધિવત રીતે રથોની પૂજા કર્યા બાદ રથયાત્રાની તૈયારીઓની શરૂઆત કરવામાં આવશે. આ રથયાત્રામાં ટેકનોલોજીના ઉપયોગ થકી સુરક્ષા અને સલામતી વધુ સઘન બનાવવામાં આવશે તથા આવનારા દિવસોમાં સૌ નગરજનો સાથે મળીને જગતના નાથ એવા જગન્નાથજીની ભવ્ય રથયાત્રામાં સામેલ થઈશું અને આશીર્વાદ મેળવીશું, એવો આશાભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.



કવિ અખાની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

### અખાત્રીજના પવન પરથી આગાહી

# ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ફરી કમોસમી વરસાદ થઈ શકે છે

## ૨૫ મે અને ૧૦ જૂન દરમ્યાન અરબ સાગરમાં સાયક્લોનિક એક્ટિવ થશ, જેનાથી દક્ષિણ ભારત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ લાવશે

અમદાવાદ, તા.૨૨

અખાત્રીજનાં પવન પરથી અંબાલાલ પટેલ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે અખાત્રીજનાં દિવસે નૈઋત્ય અને પશ્ચિમ તરફનો પવન રહ્યો હતો. આ વખતે ચોમાસું વહેલું આવી શકે છે. તેમજ આગામી ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ફરી કમોસમી વરસાદ થઈ શકે છે. પવન સાથે કમોસમી વરસાદ થવાની સંભાવના અંબાલાલ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ ૨૫ મે અને ૧૦ જૂન દરમ્યાન અરબ સાગરમાં સાયક્લોનિક એક્ટિવ થશે. જેનાથી દક્ષિણ ભારત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ લાવશે. હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં અમદાવાદમાં પડી રહેલી કાળઝાળ ગરમીને લઈને લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. તેમજ ગરમીમાં રોડ પરનો ટ્રાફિક પણ ઘટ્યો છે. હજુ પણ ગરમીનો પારે ઉંચકાવાની આગાહી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તર ગુજરાતમાં ફરી વરસાદનું આગમન થવા પામ્યું છે. જેમાં બનાસકાંઠાનાં સૂઈગામનાં વાઘપુરા સહિતનાં વિસ્તારોમાં વરસાદ વરસવાનો શરૂ થયો હતો. ત્યારે અગાઉ પણ વરસાદનાં કારણે ખેડૂતોને મોટું નુકશાન થયું હતું. ત્યારે આજે ફરી વરસાદને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.



પવિત્ર રમઝાન ઈદની નમાજ જામા મસ્જિદમાં મુસ્લિમ લોકો પઢી રહેલ છે.

# યાત્રાધામ સફાઈ અભિયાન : ગૃહ રાજ્યમંત્રીએ ભદ્રકાળી મંદિર પરિસરની સાફસફાઈ કરી



ગાંધીનગર, તા.૨૨

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત રાજ્ય યાત્રાધામ સફાઈ અભિયાન અંતર્ગત અમદાવાદના નગરદેવી ભદ્રકાળી મંદિરની મુલાકાત લઈને મંદિર પરિસર અને ચોગાન સહિતના સ્થળોએ જાતે જ સફાઈકાર્ય હાથ ધર્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સાથે મેયર કિરીટભાઈ પરમાર, રાજ્યસભા સાંસદ નરહરિ અમીન સહિત અમદાવાદના ધારાસભ્યો અને કાઉન્સિલરો પણ મંદિર પરિસર અને ચોગાનના સફાઈકાર્યમાં જોડાયા હતા.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત અભિયાન' દ્વારા દેશને સ્વચ્છ બનાવવા માટેનો નિર્ધાર કર્યો છે ત્યારે આપણા યાત્રાધામો પણ સ્વચ્છ રહે તે જરૂરી છે. આપણે જ્યાં પૂજા અર્ચના કરતા હોઈએ તેવા આપણા આસ્થાસ્થાનોને સાફ અને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણા સૌની છે. યાત્રાધામોના સફાઈકાર્યની જવાબદારી માત્ર સફાઈ કામદારો પર ન છોડીને આપણે સ્વયં પણ હંમેશા યાત્રાધામોને સ્વચ્છ અને સાફ સુથરા રાખવાનો આજના પવિત્ર દિવસે સંકલ્પ કરવો જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### અમદાવાદ કેન્સર હોસ્પિટલનો કડક નિર્ણય

# સિવિલ કેન્સર હોસ્પિટલમાં એક હજારથી વધુ કર્મચારીઓ મોબાઈલ નહીં વાપરી શકે

અમદાવાદ, તા.૨૨

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી આવેલી ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ)ના વર્ગ ચારના તમામ કર્મચારીના મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલમાં કામના સમય દરમિયાન હાઉસકીપિંગ અને સર્વન્ટ મોબાઈલ ફોન ઉપયોગ કરી નહીં શકે તેવો મહત્વપૂર્ણ નિર્ણય ડાયરેક્ટર શશાંક પંડ્યાએ લીધો છે. કર્મચારી મોબાઈલ ફોનમાં સતત એક્ટિવ હોવાના કારણે તે પોતાનાં કામ પર ધ્યાન આપી શકતા નથી. જેના કારણે દર્દીને હેરાનગતિ ઊભી થાય છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં કેન્સર હોસ્પિટલ આવેલી છે. જેમાં રાજદીપ એન્ટરપ્રાઈઝ નામની કંપનીને આઉટ સોર્સિંગનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. હોસ્પિટલમાં પીઆરઓથી લઈને હાઉસકીપિંગના એક હજારથી વધુ કર્મચારી રાજદીપ એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાં નોકરી કરે છે. દર્દીને તમામ પ્રકારની સુવિધા તેમજ તેમનું ધ્યાન રાખવાની જવાબદારી રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીની હોય છે. કેન્સર હોસ્પિટલમાં વર્ગ ચારના કર્મચારી પોતાનું કામ સરખી રીતે ન કરતા હોવાના અનેક આરોપ ઊઠ્યા છે. હોસ્પિટલમાં નોકરીના સમય દરમિયાન હાઉસકીપિંગના કર્મચારી તેમજ સર્વન્ટ સતત મોબાઈલ ફોન ઉપર વ્યસ્ત રહેતા હોય છે. જેના કારણે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્સર હોસ્પિટલમાં રાજદીપ એન્ટરપ્રાઈઝ કંપનીના નેજા હેઠળ કામ કરતા અંદાજે એક હજારથી વધુ કર્મચારીના મોબાઈલ ફોનના ઉપયોગ પર રોક લગાવી દેવાઈ છે. ડાયરેક્ટરે શશાંક પંડ્યાએ આ આદેશ માત્ર વર્ગ ચારના કર્મચારી માટે જ આપ્યો છે. કેન્સર હોસ્પિટલમાં જ્યારે કર્મચારી નોકરી પર આવે ત્યારે તેમને પોતાનો ફોન સ્વિચ ઓફ કરી દેવાનો રહેશે અથવા તો તેમના ઘરે કે મિત્ર વર્તુળમાં મોબાઈલ આપી દેવાનો રહેશે. જો કોઈ કર્મચારી ચોરી છૂપીથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો પણ ઝડપાઈ જશે તો તેની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. હોસ્પિટલમાં અલગ અલગ શિફટમાં કર્મચારી નોકરી પર આવતા હોય છે. જેમાં કેટલાક કર્મચારી પોતાનું કામ સરખી રીતે કરતા નથી. જેના કારણે દર્દીને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. મોબાઈલ પર વાત કરતાં કરતાં કામ કરવાની રાજાશાહીઃ હોસ્પિટલને કલીન રાખવાની જવાબદારી પણ રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીઓના શિરે હોય છે.

જ્યારે હોસ્પિટલમાં કચરા પોતાં થતાં હોય ત્યારે પણ કર્મચારી મોબાઈલ ફોનમાં વ્યસ્ત હોય છે. મોબાઈલ ફોનના ઉપયોગથી કર્મચારી પોતાનું કામ સરખી રીતે કરતા નથી.

જેના કારણે મોબાઈલ ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો છે. સિવિલ કેમ્પસમાં કેન્સર હોસ્પિટલ સિવાય યુએન મહેતા હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, ૧૨૦૦ બેડ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ સહિતની હોસ્પિટલ આવેલી છે.

## કપાટ ખુલ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્સવની પાલકી શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે ગંગોત્રી ધામ માટે પહોંચી. આજે સવારે ૮ વાગ્યે તે ગંગોત્રી પહોંચી હતી. અહીં કાયદા મુજબ પૂજા કર્યા બાદ ભક્તો માટે ધામના દરવાજા ખોલવામાં આવ્યા હતા. તે જ સમયે, કેદાનાથ અને બદ્રીનાથના દર્શન માટે રાહ જોઈ રહેલા ભક્તો માટે કેદારનાથ ધામના દરવાજા ૨૫ તારીખથી ખોલવામાં આવશે. આ સિવાય બદ્રીનાથ ધામના દરવાજા ૨૭ એપ્રિલે ખોલવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચાર ધામ યાત્રા માટે અત્યારસુધીમાં ૧૫ લાખથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

## ધમકી મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોપોનો ઈક્રાર કરી દીધો હતો. ઉપરાંત તેણે પોલીસને જણાવ્યું કે, કોઈએ તેને ફસાવવા માટે તેના નામનો પત્ર લખ્યો છે. તે વ્યક્તિએ જણાવ્યું કે, મને આ ઘટના અંગે કોઈપણ પ્રકારની જાણ નથી. જોકે ધમકીભર્યો પત્ર મળ્યા બાદ કેરળમાં હાઈએલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. બસ સ્ટોપ, રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર પણ ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે.

મીડિયા અહેવાલો મુજબ કથિરરીતે આ પત્ર કોચ્ચીમાં રહેનારા વ્યક્તિએ મલયાલમમાં લખ્યો હતો. આ પત્ર ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુરેન્દ્રને મોકલાયો હતો. ત્યારબાદ તેમણે તુરંત પોલીસને જાણ કરી પત્ર સોંપી દીધો હતો. પત્ર પર લખેલી વિગતોને આધારે પોલીસે એન.કે.જોની નામના વ્યક્તીને ત્યાં પહોંચી ગઈ હતી. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, મોદીએ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના ભાગ્યનો સામનો કરવો પડશે. કોચ્ચીના મૂળ નિવાસી જોનીએ પત્ર લખ્યો હોવાનું ઈક્રાર કર્યો છે. જોકે તેણે આરોપ લગાવતા કહ્યું કે, હત્યાની ધમકી પાછળ એક વ્યક્તિ હોઈ શકે છે, જે તેનાથી નારાજ છે. જોનીએ પત્રકારોને કહ્યું કે, પોલીસ તેના ઘરે આવી હતી અને પત્ર અંગે પૂછપરછ કરી હતી.

દરમિયાન સુરક્ષાને ધ્યાને રાખી અધિક પોલીસ મહાનિર્દેશકનો લેટર પણ મીડિયા સામે આવી ગયો છે. એડીજીપીના લેટરમાં પ્રતિબંધિત સંગઠન પોપુલ ફ્રંટ ઓફ ઈન્ડિયાથી ખતરો હોવા ઉપરાંત ઘણા ગંભીર ખતરાનો ઉલ્લેખ કરાયો છે.

## ટેન્કર ચોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર પહોંચ્યુ હતુ. જેમાં ૧૨૧ કરોડ રૂપિયાના સોનાની સાથે બીજો કિમતી સામાન પણ હતો. આ કન્ટેનરને એરપોર્ટ પરની કન્ટેનર ફેસિલિટીમાં બીજા કન્ટેનરો સાથે શિફટ કરવામાં આવ્યુ હતુ. ૩ દિવસ બાદ ખબર પડી હતી કે કન્ટેનર ગાયબ છે. ત્રણ દિવસ પછી પણ પોલીસ હવામાં બાચકા ભરી રહી છે. આ મામલામાં પોલીસે હજી સુધી કોઈની ધરપકડ પણ કરી નથી. પોલીસ પણ માની રહી છે કે, કન્ટેનર ચોરાય તેવી ઘટના દુલર્ભ કહેવાય તેવી છે.

## બસના રૂટમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોકડી થી વેજલપુર રૂટમાં બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે.

જયારે ગ માર્ગ પર દોડતી બસને પણ સરગાસણ સુધી લંબાવવા માટે તેમજ ખ માર્ગ પરથી પણ સલામત સવારીની બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે એસ ટી ડેપોએ નિગમને દરખાસ્ત કરી છે. જેના અંતે નિર્ણય લેવાયા બાદ આ રૂટમાં પણ સ્થાનિકોને સરળતાથી બસ સેવા મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાના વિવિધ ગામોમાંથી પણ સ્થાનિકો દ્વારા સતત બસ સેવાને અનુલક્ષી સમયાંતરે રજુઆતો કરવામાં આવી રહી છે. ત્યારે આ મામલે પણ યોગ્ય અભ્યાસ કરી સ્થાનિકોને યોગ્ય બસ સેવા મળી રહે તે મુજબ રૂટનુ સંચાલન કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## કોરોનાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે. આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૧૧ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોમાં પાંચ મહિલા દર્દી છે જ્યારે ૪ દર્દી ૨૦ કે તેથી ઓછી વય ધરાવતા છે. ૬૦ કે તેથી વધુ વયના બે દર્દી નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે મહિલા દર્દીના કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે એટલુ જ નહિ ૨૦ કે તેથી ઓછી વયના દર્દીઓ પણ સંક્રમિત વધુ થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૧, કલોલમાં ૮ અને માણસામાં બે કેસ નોંધાયા છે. કલોલ અને માણસામાંથી જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામેથી ૧૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં આજે ૮ કેસ નોંધાયા છે. કલોલ ગ્રામ્યમાં આ કેસો નોંધાયા છે. કલોલના સઈજમાં બે, ડિંગુચામાં ૪, નારદીપુર અને પાનસરમાંથી એક-એક કેસ નોંધાયો છે. ડિંગુચા, પાનસર અને નારદીપુરમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તે ગામો સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યા છે. તંત્રએ ગ્રામ્યવિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે.

કલોલના સઈજ ગામે ૨૦ વર્ષીય ગૃહીણી અને ૨૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ડીંગુચા ગામેથી ૨૪ વર્ષીય યુવકત ૧૮ વર્ષીય વિદ્યાર્થી, ૬૦ વર્ષીય વૃદ્ધા અને ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નારદીપુર ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધા તો પાનસરમાંથી ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ મહિલા દર્દીના છે અને બન્ને માણસા શહેરમાંથી કેસ નોંધાયા છે. માણસા શહેરમાં કોરોના સંક્રમણ સતત વિસ્તરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

# રાજયમાં કોરોનાના નવા ૨૫૪ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨ દિવસથી સતત ૩૩૧ નવા કેસ નોંધાયા બાદ આજે ૨૨ એપ્રિલના રોજ ગુજરાતમાં ૨૫૪ કોરોના કેસ નોંધાયા છે. આજે કોરોનાને કારણે ગુજરાતમાં ૧ દર્દીનું મોત થયું છે.આજે કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૯૧૯ પર પહોંચ્યો છે. જેમાંથી ૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ૧૯૧૧ દર્દીઓ સ્ટેબલ છે. આજે ૩૩૩ દર્દીઓ કોરાનાથી સાજા થયા છે.

અમદાવાદમાં સૌથી વધારે ૭૩ કેસ, વડોદરામાં ૩૦, સુરતમાં ૨૮, ગાંધીનગરમાં ૧૧, મહેસાણામાં ૧૦, અમરેલીમાં ૮, વલસાડમાં ૮, પાટણમાં ૭, સાબરકાંઠામાં ૭, વડોદરા જિલ્લામાં ૭, ભરુચમાં ૬, ભાગવનગરમાં ૬, ગાંધીનગરમાં ૬, નવસારીમાં ૫, આણંદમાં ૪, મોરબીમાં ૪, કચ્છમાં ૩, અમદાવાદ જિલ્લામાં ૨, ગીરસોમનાથમાં ૨, પંચમહાલમાં ૨, રાજકોટ જિલ્લામાં ૨, જામનગરમાં ૧, ખેડામાં ૧ અને રાજકોટમાં ૧ કેસ નોંધાયો છે.

ગુજરાતમાં કોરોના રિકવરી રેટ ૯૮.૯૯ ટકા થયો છે. આજે અમદાવાદમાં કોરોનાને કારણે એક દર્દીનું મોત થયું છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં દરરોજ ૩૦૦થી વધારે કેસ નોંધાઈ રહ્યાં હતા. આજે લાંબા સમય બાદ ગુજરાતમાં ૩૦૦થી ઓછા કેસ નોંધાયા છે. કોવિડના વધતા કેસો વચ્ચે કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ૮ રાજ્યોને પત્ર લખ્યો છે. તેમણે સર્વેલન્સ વધારવા, અને જીછઈ દર્દીઓ પર નજર રાખવા, પર્યાપ્ત સંખ્યામાં પરીક્ષણ કરવા, જિનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવેલા સેમ્પલની તપાસ કરવા અને હોસ્પિટલ ઈન્ફ્રા સુધારવા માટે સૂચનો આપ્યા છે.